જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૪/૨૦૧૭ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૮૯૭/૧૭**

વટવા પોલીસ સ્ટેશન :

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક :- પીસીબી/ડીટીએન/પાસા/૨૪૨/૨૦૧૭ તા.૨૪/૦૪/૨૦૧૭ ના પાસા અટકાયતી આરોપણ બાઈ નામે બચીબેન વા/ઓ વિનોદભાઈ બચુભાઈ જાતે-ચુનારા ઉવ.૪૫ રહે. બ્લોક નં. ૧૯/૫૮૩ કુશાભાઉ ઠાકરેનગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં વટવા પો.સ્ટે. દાખલ થયેલ પ્રોહીબીશન સબંધી ગુનાઓમાં આરોપણ બાઈ વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપણ બાઈને આજરોજ તારીખ.૨૯/૦૪/૨૦૧૭ ના કલાક ૧૪/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર - સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૨૩૯/૨૦૧૭ તા.૨૪/૦૪/૨૦૧૭ ના પાસા અટકાયતી નામે રાકેશભાઈ સ/ઓ જીતુભાઈ જાતે-પરમાર ઉવ.૨૩ રહે. એસ.એલ.એમ. ના છાપરા વટવા ક્રોસિંગ વટવા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં વટવા પો.સ્ટે. દાખલ થયેલ પ્રોહીબીશન સબંધી ગુનાઓમાં આરોપી વિરુધ્ધ હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૨૮/૦૪/૨૦૧૭ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી જીલ્લા જેલ જામનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

મે. પોલીસ કમિશ્નરશ્રીના અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૨૬૦/૨૦૧૭ તા.૨૭/૦૪/૨૦૧૭ પાસા અટકાયતી નામે મેહબુબ ઉર્ફે મેબલો સૌકતહુસેન જાતે-અન્સારી ઉવ.૩૨ રહે, મ.નં.૨ ગ્રીન પાર્ક સોસાયટી સદાની ધાબી કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં વટવા પો.સ્ટે. દાખલ થયેલ મિલ્કત/શરીર સબંધી ગુનાઓમાં આરોપી વિરુધ્ધ હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૨૮/૦૪/૨૦૧૭ ના કલાક ૨૦/૧૫ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી જીલ્લા જેલ જામનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

## <u>ઓટોરીક્ષામાં પેસેન્જરોને બેસાડી નજર ચુકવી દાગીના તથા રોકડ રકમની ચોરીઓ કરનાર ગેંગના ૨ સાગરીતોને સોનાના દાગીનાઓ તથા રોકડ રકમ તથા ચોરીની ઓટો રીક્ષા સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ</u>

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી રીક્ષામાં પેસેન્જરોને બેસાડી તેઓની નજર ચુકવી દાગીના તથા કિંમતી સામાનની ચોરીઓ કરવાના બનાવો બનતા હોય આ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી જે.કે.ભટ્ટ સંયુકત પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાંચ અને શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન/સુચના હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કોડના પો.ઇ શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ શ્રી એ.વાય.બલોચ અને પો.સ.ઇ શ્રી ડી.બી.વાળા નાઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના હે.કો.રાકેશકુમાર રમાશંકર તથા પો.કો જાવેદખાન યાસીનખાન નાઓને ખાનગી રાહે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે સારંગપુર સર્કલ ચાર રસ્તા ખાતે વોચ ગોઠવી એક ઓટૉરીક્ષામાં બે ઇસમો (૧) **<u>મુખ્ય સુત્રધાર</u>** : સતીષ ઉર્ફે ભાઉ નરસિંગ કનગીરી (મરાઠી) ઉ.વ.૩૫ રહે.મકાન સી/૧૦ રીના શોપીંગ સેન્ટર, કૃષ્ણનગર, પાશ્વનાથ ટાઉનશીપ કેનાલ પાસે નવા નરોડા અમદાવાદ (૨) રાજેશ ઉર્ફે પપ્પુ S/O રમેશભાઇ સિસોદીયા ઉ.વ.૩૩ રહે.મકાન નં-૨ ડાયમંડ ફ્લેટ, ધામી ના કારખાના ની પાછળ, ઠકકરનગર નરોડા અમદાવાદ નાઓને ચોરી કરેલ સદર સોનાની ચેઈન તથા સોનાની મગમાળા કુલ કિં.રૂ.૬૮,૫૦૦/- તથા રોકડ રકમ રૂ.૩૧,૫૦૦/- તથા **C.N.G. ઓટોરિક્ષા નંબર** G.J-01-TA-4052 કિં.રૂ.૧,૦૦,૦૦૦/- મળી કુલે કિરૂ. ૨,૦૦,૦૦૦/- ની મતાના મુદામાલ સાથે પકડી પાડેલ છે.

## <u>આરોપીઓનો ગુનાહીત પુર્વ ઇતીહાસ</u>

પકડાયેલ આરોપીઓ સતીષ ઉર્ફે ભાઉ તથા રાજેશ ઉર્ફે પપ્પુ નો અગાઉ રીક્ષામાં બેસેલ પેસેન્જરોની નજર ચુકવી તેમના થેલા,પર્સમાંથી દાગીનાઓ,કિમંતી ચીજવસ્તુઓ કાઢી લેવા અંગે ઈસનપુર, નરોડા, રામોલ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છે અને આરોપી સતીષ ઉર્ફે ભાઉ ને રામોલ પો.સ્ટે. માં ઓટોરીક્ષામાં પેસેન્જરોને બેસાડી નજર ચુકવી ચોરી કરવાના ગુનામાં પાસા કરેલ હતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## અમદાવાદ શહેર ના કુલ-૩, ગુનાઓનો ભેદ ઉકેલાયો

પકડાયેલ ઇસમોની પુછપરછ કરતા તેઓએ નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઓટો રીક્ષા ચોરી કરેલની કબુલાત કરેલ છે. જેમાં નીચે મુજબના ગુનાઓનો ભેદ ઉકેલાયેલ છે.

(૧) શહેર કોટડ પોલીસ સ્ટેશન ફ ગુ.ર.નં ૬૮/૧૭ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ

(૨) રમોલ  પોલીસ સ્ટેશન ફ ગુ.ર.નં ૫૫/૧૬ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ

(૩) નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં. ૧૧૭/૧૬ ઇપીકો કલમ ૩૭૯.૧૧૪ મુજબ

## આરોપીઓની ગુનો કરવાની પધ્ધતી

આ આરોપીઓની સઘન પુછપરછ કરતા તેઓ આ ગુનો કરવા માટે પેસેન્જર તરીકે પોતાના સાગરીતોને સાથે રાખતા હતા અને રીક્ષામાં બેસેલ પેસેન્જરને શક ન પડે અને મોકો મળેથી પેસેન્જરના પર્સ, બેગમાંથી રોકડ તથા દાગીના તેમજ શરીરે પહેરેલ દાગીના નજર ચુકવી કાઢી લેતા હતા અને કામ પતી ગયા બાદ અંદર અંદર ઇશારો કરી ગમે તે બહાનુ કાઢી રસ્તામાં પેસેન્જરને ઉતારી દેતા હતા.

આ આરોપીઓએ આ સિવાય બીજ ગુનાઓ કરેલ છે કે કેમ ? તેમજ તેઓની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

**નાયબ પોલીસ કમિશનર**<br>**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**<br>**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)